ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૫.૨ ડીગ્રી
લઘુતમ : ૨૮.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૫ ટકા ● સાંજે ૫૮ ટકા

# સે-૨૧ના ગલ્લાઓ ૪ વાગ્યા બાદ સ્વૈચ્છિક બંધ

ગાંધીનગર, તા.૨૪
કોરોનાની મહામારીને કારણે નગરના ઘણા વિસ્તારમાં સ્વૈચ્છિક બંધ પાળવામાં આવી રહ્યું છે તેમ બીજી વાત જાણવામાં આવી છે. થોડા દિવસ પહેલા જ નગરના મીનાબજારના દુકાનદારોએ સાંજે ૫ વાગ્યે દુકાન બંધ કરી દેવાનો સ્વૈચ્છિક નિર્ણય લીધો હતો અને તેઓ આ બાબત પર કાયમ છે ત્યારે નગરના સે-૨૧ સ્થિત ત્રિકોણીયા કેબિનના ત્રિકોણીયા કેબિન વેપારી વેલ્ફેર એસોસિએશન વેપારીઓ દ્વારા ૨૪ જુલાઈથી અચોકકસ મુદત સુધી સવારે ૮ થી સાંજના ૪ વાગ્યા સુધી જ દુકાન ખુલ્લી રખાશે તેવો નિર્ણય લેવાયો છે.

નગરમાં કોરોનાના કેસમાં દિવસે દિવસે વધારો નોંધાઈ રહ્યો છે ત્યારે સામાન્ય નાગરિક સાથે નગરના વેપારીઓ પણ હાલ સજાગ બની રહ્યા છે. અમુક વેપારીઓના પણ કોરોનાના કેસ પોઝિટીવ આવતા નગરના તમામ વેપારીઓ સ્વયં લોકડાઉન પાળી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, હાલમાં જ સે-૨૧ વિસ્તારમાં કોરોનાના પાંચથી વધુ પોઝીટીવ કેસ આવ્યા હતા જેને કારણે અન્ય દરેક વેપારીઓમાં ભયની અનુભુતી થઈ હોય તેમ જણાયું હતું અને હવે દરેક પોતપોતાની સુરક્ષા અર્થે પગલા લઈ રહ્યા છે ત્યારે નગરના સે-૨૧ વિસ્તારના ત્રિકોણીયા કેબિન વેપારી વેલ્ફેર વેપારી એસોસિએશન દ્વારા ત્રિકોણીયા કેબિનના તમામ વેપારીઓ વતી ૨૪ જુલાઈથી અચોકકસ મુદત સુધી સવારે ૮ વાગ્યાથી સાંજના ૪ વાગ્યા સુધી જ દુકાન ખુલ્લી રાખવાનો સ્વૈચ્છિક નિર્ણય લેવામાં આવ્યો છે.

આમ, કહી શકાય કે નગરના અલગ અલગ વિસ્તારના વેપારીઓનું જુથ પોતાની સુરક્ષા માટે સ્વયંભુ લોકડાઉન પાળી રહ્યું છે જે સરાહનીય બાબત છે.

# સંસ્કૃત ફલેટની સન્ની કોસ્મેટીક દુકાનમાંથી ૫ જુગારી ઝડપાયા

## સે-૩૦ જીટીએસ પાસેથી સે-૨૧ પોલીસે ૪ જુગારીઓને પકડી પાડ્યા

ગાંધીનગર, તા.૨૪
ગાંધીનગર શહેરના સેકટર-૩ ડી ખાતે આવેલા સંસ્કૃત ફેલટમાં આવેલી દુકાનમાંથી જુગાર રમતા પાંચ જુગારીઓને સેકટર-૭ પોલીસે પકડી પાડ્યા છે. ફેલટમાં આવેલી સન્ની કોસ્મેટીકની દુકાનમાં જુગારધામ ધમધમતુ હતું. પોલીસે જુગારીઓ પાસેથી ૪૧,૩૦૦ રોકડા અને ૫ મોબાઈલ ફોન મળીને કુલ રૂ.૬૬,૩૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી જુગારીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. જયારે સેકટર-૨૧ પોલીસે સે-૩૦ જીટીએસ પાસે ખુલ્લી જગ્યામાં જુગાર રમતા ચાર જુગારીઓને રૂ.૧૦,૩૬૦ ના મુદ્દામાલ સાથે પકડી પાડ્યા હતા.

મળતી વિગત મુજબ સેકટર-૭ પોલીસને બાતમી મળી હતી કે સંસ્કૃત ફલેટમાં આવેલી સન્ની કોસ્મેટીક દુકાનનો માલિક મનિષ દેવજીભાઈ શ્રીમાળી (ઉં.૩૩ પ્લોટ નં.૫૪૫-૧ સેકટર-૨૮), પોતાની દુકાનમાં જુગાર રમાડે છે. જેથી પોલીસે રેઈડ પાડતા દુકાનની અડધુ શટર પાડીને અંદર જુગાર રમતા પાંચ જુગારી ઝડપાયા હતા. જેમાં સેકટર-૨૮ ખાતે રહેતો મનિષ શ્રીમાળી, મનોજ જયંતિલાલ સતરાલા(ઉં.૩૦, બ્લોક નં.૧૪-૨ છ ટાઈપ), હિતેષ વસંતભાઈ પરમાર (ઉં.૩૨ બ્લોક નં.૧૦-૧૦ છ ટાઈપ), સંજય વિષ્ણુભાઈ વળવી (ઉં.૩૫ બ્લોક નં. ૬૧-૯ જ ટાઈપ), તેમજ સેકટર-૩ એ ખાતે રહેતા રમેશચંદ્ર





પુરુષોતમદાસ બ્રહ્મભટ્ટ (ઉં.૬૬ પ્લોટ નં.૨૬-૧), નો સમાવેશ થાય છે. જુગારીઓ પાસેથી પોલીસે અંગજડતી અને દાવ પરથી મળીને રોકડ રકમ રૂ. ૪૧,૩૦૦ તેમજ ૫ મોબાઈલ મળીને કુલ રૂ.૬૬,૩૦૦ નો મુદ્દામાલ જપ્ત કરી આગળની તપાસ હાથ ધરી છે.

જયારે બીજા બનાવમાં સેકટર-૨૧ પોલીસ મથકના પીઆઈ એ.જે.ચૌહાણના માર્ગદર્શન હેઠળ ટીમ સક્રિય હતી. ત્યારે કોન્સ્ટેબલ મહાવીરસિંહ અને પ્રદિપસિંહને જુગાર અંગે બાતમી મળી હતી. પોલીસે સેકટર-૩૦ જીએસટી નજીક ખુલ્લી જગ્યામાં જુગાર રમતા જુગારીઓને પકડી પાડ્યા હતા. જેમાં જુગાર રમતા મહેશભાઈ ભીખાભાઈ (જીએસટી છાપરા), મયુર મનુભાઈ ચૌધરી(નરોડા), પાર્થ વિષ્ણુભાઈ પરમાર (વેડા માણસા), લાલજી મણાજી ઠાકોર (આદરજ મોટી)નો સમાવેશ થાય છે. જુગારીઓ પાસેથી પોલીસે અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ.૧૦,૩૬૦ નો મુદ્દામાલ કબ્જે કરી જુગારધારા હેઠળ ગુનો નોંધી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# સે-૨૧ ખાતે પ્લોટમાં સમંતિ વિના પ્રવેશતા શખ્સો સામે ફરીયાદ

ગાંધીનગર, તા.૨૪
ગાંધીનગર શહેરના સેકટર-૨૧ ખાતે પ્લોટમાં મંજુરી વિના ઘુસવા માટે તાર ફેન્સીંગ તોડી નાંખીને સાઈન બોર્ડ તોડફોડ કરવા અંગે પોલીસમાં ફરીયાદ નોંધાઈ છે. મુંબઈ ખાતે રહેતા નિર્મલ મનોજભાઈ પારેખ દ્વારા સે-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે. જેમાં ૧૫ જુલાઈના રોજ તેમના પરિચિતનો કોલ આવ્યોહતો જેમાં સે-૨૧ ખાતે રેહતા પ્લોટ નં.૭૫૫ ખાતે ચાર ઈસમો આવ્યા હતા અને તાર ફેન્સીંગ તેમજ સાઈન બોર્ડ તોડતા હોવાનું જણાવ્યું હતું. જેથી ફરિયાદીએ પોલીસને ફોન કરતા પોલીસ ઘટનાસ્થળે તાત્કાલીક પહોંચી ગયા હતા. જેમાં તોડફોડ કરનાર શખ્સ મિતેષ પ્રદિપકુમાર ત્રિવેદી (એ-૧૦૨ મારૂતિ આમ્રકુંજ ફલેટ સરગાસણ), તેમજ બીજા ત્રણ અજાણ્યા ઈસમો હતા. તેઓએ પ્લોટમાં રોકાણ કર્યુ હોવાથી પ્લોટમાં પ્રવેશ કરતા હોવાનું જણાવ્યું હતું. જયારે આ મુદ્દે નિર્મલ પારેખે સે-૨૧ પોલીસ મથકે સમંતિ વિના જમીનમાં પ્રવેશ કરવા અને રૂ.૭ હજારના નુકશા અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# લકઝરી બસમાં મુસાફર પાસેથી દારૂ મળવાના કિસ્સામાં વધારો

ગાંધીનગર, તા.૨૪
ચિલોડા પોલીસ ચંદ્રાલા નાકા પાસે સવારે સાડા સાત વાગે વાહન ચેકીંગ કરી રહી હતી તે સમયે હિંમતનગર તરફથી આવી રહેલી એક ખાનગી ટ્રાવેલ્સની બસમાં આવતા પોલીસે તપાસ હાથ ધરી હતી. જેમાં બસમાં બેઠેલા એક મુસાફરના થેલામાંથી ૨૨ દારુની બોટલો મળી આવી હતી. પોલીસે યુવકનું નામ પુછતા તેણે રાજસ્થાનના જોધપુરના ભાલુ અનોપગઢનો ૨૩ વર્ષિય પ્રકાશરામ શેરરામ મેઘવાલ હોવાનુ સામે આવ્યું હતું. પોલીસે રૂ. ૧૨,૬૬૦ની કિંમતની દારુની ૨૨ બોટલ કબ્જે કરી પ્રોહિ એકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

જયારે બીજા બનાવમાં નાકા પોઈન્ટ પર સવારના અગીયાર વાગ્યાના અરસામાં હરીયાણા પાર્સિંગની લકઝરી બસ આવી હતી જેમાં તપાસ કરતા પોલીસને મુસાફરના થેલામાંથી ૨૪ બોટલ દારુ મળી આવ્યો હતો. પોલીસે મુસાફરનુ નામ પુછતા અમિત મનોજ શર્મા (ઉં.૨૧ ભીવાની હરીયાણા) હોવાનું સામે આવ્યું હતું. પોલીસે રૂ.૧૨ હજારની કિમતની ૨૪ બોટલ જપ્ત કરી પ્રોહિ એકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

જયારે ત્રીજા બનાવમાં ચંદ્રાલા નાકા પોઈન્ટ પાસેથી રાત્રીના દોઢ વાગ્યાના અરસામાં ખાનગી ટ્રાવેલ્સની બસ આવી હતી. તેમાં પોલીસ દ્વારા તપાસ કરતા મુસાફરના થેલામાંથી ૮ બોટલ દારુ અને ૨૪ બિયરના ટીન મળી આવ્યા હતા. પોલીસો મુસાફરનુ નામ પુછતા તે અગોરા મોલ સામે આવેલ પાશ્વનાથ ફલેટમાં રહેતો દિવાનસિંહ તેજસિંહ ચૌહાણ (ઉં.૨૮) હોવાનું સામે આવ્યું હતું. જેથી પોલીસો કુલ રૂ.૯૪૩૪ ની કિમતનો દારુ કબ્જે કરીનો કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સે-૨માં વૃક્ષારોપણ સહિત વિવિધ સેવા કાર્યો યોજાયા



ગાંધીનગર, તા.૨૪
ગાંધીનગરના સેકટર-૨ ખાતે આજે વૃક્ષારોપણ તથા જરૂરિયાતમંદ વર્ગના શ્રમિક પરિવારો માટે ખીચડી કઢીનું ભોજન પીરસવાનો કાર્યક્રમ યોજાયો હતો. શહેર વસાહત મહાસંઘના મહામંત્રી રાજેન્દ્રભાઈ પારેખના જન્મદિન નિમિત્તે યોજાયેલા આ કાર્યક્રમ ઉપરાંત તેમના દ્વારા સ્વામિનારાયણ મંદિરે ચોકલેટના હિંડોળાનો શણગાર પણ કરવામાં આવ્યો હતો તેવું મહાંસઘના જનસંપર્ક અધિકારી હિમાંશુ ભચેચે જણાવ્યું હતું.

આ કાર્યક્રમમાં શહેરના પૂર્વ મેયર, પ્રવર્તમાન ડેપ્યુટી મેયર, સ્થાનિક કોર્પોરેટર સહિત વસાહત મહાસંઘના પ્રમુખ અને હોદ્દેદારો તેમજ સ્થાનિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# એલઆઈસીની સે-૧૧ ખાતેની ડિવિઝનલ કચેરીના બે અધિકારીઓ કોરોના પોઝિટિવ છતાં 'આંખ આડા કાન..!!'

**અધિકારીઓના કારણે અન્ય કર્મચારીઓમાં સંક્રમણનો ભય : એક અધિકારીના પરિવારજનો પણ સંક્રમિત થયા હોવાની શંકા : અધિકારીની ટ્રાવેલ હિસ્ટ્રી અને સંપર્કમાં આવેલા કર્મચારીઓની તપાસ તથા કચેરીને સેનેટાઈઝ કરવા બાબતે પણ ઉદાસીનતા**

ગાંધીનગર, તા.૨૪
ગાંધીનગરના સેકટર-૧૧ સ્થિત જીવન વીમા નિગમની ડીવીઝનલ કચેરી ખાતે બે અધિકારીઓને કોરોના પોઝિટિવ કેસ આવવા છતાં તે અંગેની જાણ કલેકટર કચેરીએ કરવામાં આવી નથી તેમજ સંબંધિત કાર્યાલયને રાબેતા મુજબ ચાલુ રાખવામાં આવ્યું છે. આ કારણે અન્ય કર્મચારીઓને સંક્રમણ લાગવાનો ભય ઉભો થયો હોવાની ચોંકાવનારી માહિતી પ્રાપ્ત થઈ છે. પ્રાપ્ત વિગતો અનુસાર જે બે અધિકારીઓને કોવિડ-૧૯ પોઝિટિવ આવેલ છે તેઓ માર્કેટિંગ સાથે સંકળાયેલા છે અને તેમણે તાજેતરમાં જ મોડાસા ખાતે એક મિટિંગ પણ યોજી હતી અને તે પછી મોડાસાની એલઆઈસીના એક અધિકારીનો રિપોર્ટ પણ કોવિડ-૧૯ પોઝિટિવ આવ્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર ગાંધીનગર એલઆઈસીની ડિવિઝનલ કચેરી ખાતે તાજેતરમાં નિમણુંક પામેલા માર્કેટિંગ મેનેજર રાજસ્થાનના જયપુર ખાતેથી પરત આવ્યા બાદ તેમને તાવ હોવા છતાં મોડાસા ખાતે મિટિંગનું આયોજન કર્યુ હતું. આ મિટિંગમાં જતા પહેલાં જ તેમણે ગાંધીનગરમાં એક ખાનગી તબીબ પાસે ચેક અપ કરાવ્યું હતું. મોડાસા ખાતેની મિટિંગ બાદ તેમની તબિયત વધુ લથડતા તેઓને એપોલો હોસ્પિટલમાં દાખલ કરવા પડયા હતા પરંતુ તેમની સાથે મોડાસા મિટિંગમાં ગયેલ અન્ય એક અધિકારીની પણ તબિયત લથડી હતી અને તેમનો પણ રીપોર્ટ કોવિડ-૧૯ પોઝિટિવ આવ્યો હતો. આ અધિકારીનું પરિવાર પણ સંક્રમિત થતા તેમના પત્નિ અને બે સંતાનોના રિપોર્ટ પણ કોરોના પોઝિટિવ આવ્યા છે. બીજી તરફ મોડાસાના એક અધિકારી જેઓ મિટિંગમાં હાજર હતા તેમનો રિપોર્ટ પણ પોઝિટિવ આવતા ત્યાં પણ સંક્રમણ ફેલાવાનું શરૂ થયું હતું. બે બે અધિકારીઓના સંક્રમણની ચેઈન આગળ વધી રહી હોવા છતાં સેકટર-૧૧ ખાતેની એલઆઈસી ઓફિસમાં કોઈ જ સુરક્ષાત્મક પગલાં જેવા કે કચેરીનો સેનેટાઈઝ કરાવવી કે કલેકટર કચેરીએ જાણ કરવી અથવા સંબધિત અધિકારીઓની ટ્રાવેલ હિસ્ટ્રી એકત્ર કરી સંપર્કમાં આવેલા કર્મચારીઓના કોરોના ટેસ્ટ કરાવવા જેવી તકેદારી લેવા બાબતે આંખ આડા કાન કરી ગંભીર બેદરકારી સેવવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. આ બાબતે આરોગ્ય વિભાગ તથા વહીવટી વિભાગ દ્વારા યોગ્ય તપાસ કરાય તો સત્ય બહાર આવી શકે તેમ છે.

# કોરોનાને કારણે નગરમાં ઓનલાઈન ચેક-અપના ટ્રેન્ડમાં વધારો

ગાંધીનગર, તા.૨૪
હાલ કોરોનાને કારણે નગરજનો આર્થિક અને સ્વાસ્થ્ય બંને રીતે પરેશાનીમાં મુકાયા છે. નાના અમથા તાવને લઈને કોઈ સીરીયસ થતું નથી અને આમને આમ કોરોના હોય તો પણ સમજાતું નથી પરંતુ આ તમામ વસ્તુઓની જાણ હોવા છતાં નગરજનો પહેલાની જેમ જટ કરીને હોસ્પિટલ જવા માટે તૈયાર નથી થતા થોડો ખચકાટ અનુભવે છે અને આજ કારણોસર હાલ ઓનલાઈન કન્સલટન્સી કે પ્રીસ્કીપ્શન લખાવી મેડીકલમાંથી દવા લઈ કયોર થવાનો ટ્રેન્ડ વધ્યો છે.

આ બાબતે વધુ વાત કરતા નગરના જાણીતા ફિઝીશનય ડૉકટર સંદીપ કોન્ટ્રાકટર જણાવે છે કે, હાલ કોરોના પેન્ડેમીકને કારણે દર્દી એવું એકસપેકટ કરે છે કે, ડોકટર પાસે તેઓનું ઓનલાઈન ચેકઅપ થાય પણ એક ડોકટર તરીકે હું આ પ્રીફર નથી કરતો. ડાયાબીટીસ, હાયપર ટેન્શન, થાઈરોઈડ જેમાં વેલ્યુઝ પર કામ કરવાનું છે તે નાટે હજી ઓનલાઈન કન્સલ્ટ કરી શકાય પરંતુ શરદી, તાવ, ઉધરસ, પેટમાં દુઃખાવો જેવા સીમટમ્સ પરથી દવા આપવાની હોય ત્યારે તકલીફ પડતી હોય છે. અમુક રોગના સીમટમ્સ સરખા હોય પણ રોગ અલગ અલગ હોઈ શકે એટલે જ અમે દરેક પેશન્ટને ઓનલાઈન કન્સલ્ટ કરવાનો આગ્રહ નથી રાખતા પણ દર્દીને સામાન્ય મેડીકલ કન્ડીશન લાગે તો હોસ્પિટલમાં આવવાની ના કહીએ છીએ. ટૂંકમાં કહું તો દર્દીનું ઓનલાઈન ચેક અપ કરવાનો આગ્રહ અમે નથી રાખતા. દૂર રહેતાં દર્દીનું ઓનલાઈન ચેકીંગ કરી લઈએ છીએ પણ એક-બે દિવસ બાદ અમને વધુ સમસ્યા લાગે તો નજીકમાં ડોકટરને મળવાનું પ્રીફર કરીએ છીએ.

નગરના મહિલા ઈએનટી સર્જન ડૉકટર દેવી ગજ્જર આ વિશે વાત કરતા જણાવે છે કે દર્દીને એપોઈન્ટમેન્ટ આપીને જ હોસ્પિટલમાં બોલાવતા હોઈએ છીએ અને જો બહુ રશ હોય અને એપોઈન્ટમેન્ટ ન મળે ત્યારે અમે બેઝિક દવા લેવાનું કહી દઈએ છીએ. હાલના દિવસોમાં ઘણી ફેસિલીટીઝ અવેલેબલ છે ત્યારે વિડીયો કોલિંગ દ્વારા ચેક અપ કરવું શકય છે. પણ આ બધું જ હાલ કોરોના છે એટલે કરવું જોઈએ પણ છતાંય મારા મતે પેશન્ટ જયારે ડોકટરને મળે તે ત્યારે જ અડધો સાજો થઈ જાય છે અને ડોકટર તરફથી જે હૂંફ મળે જેને લીધે તેને રાહત મળે છે. હવે ડોકટર પર ડીપેન્ડ છે કે પેશન્ટને કઈ રીતે ટ્રીટ કરી શકાય.



આજે સંતાનના દીર્ઘાયુ માટે કરાતું જીવંતિકા વ્રત હતું. જે નિમિત્તે નગરમાં બહેનો લાલ અને ગુલાબી વસ્ત્ર ધારણ કરી જીવંતિકા માતાની પૂજા કરતા જોવા મળ્યા હતા.

# સે-૪ એ માં ગટરનું પ્રદૂષિત પાણી 'બેક' મારતા રહીશો ત્રસ્ત..!!





ગાંધીનગર, તા. ૨૪
ગાંધીનગરના સેક્ટર-૪-એ માં એક તરફ પીવાનું પાણી અત્યંત ધીમા ફોર્સથી આવવાની ફરિયાદો ઉઠી રહી છે ત્યાં બીજી તરફ કેટલેક સ્થળે પાણી ડહોળુ આવવાની રાવ પણ ઉઠવા પામી છે. આ સાથે આ વિસ્તારમાં કેટલીક ગટર લાઈનમાં પણ ચોકઅપ થઈ જવાથી પાણી દુર્ગંધયુકત પ્રદૂષિત પાણી બેક મારીને ભરાતુ હોવાની સમસ્યા પણ સર્જાવા પામી છે.

મહાનગરપાલિકાના વોર્ડ નં. ૮ માં સમાવિષ્ટ સેક્ટર-૪-એ માં સ્થાનિક કોર્પોરેટર પાયલબેન મેણાતે પાટનગર યોજના વિભાગના કાર્યપાલક ઈજનેરને કરેલ લેખિત રજુઆત મુજબ સેક્ટરમાં વારંવાર ગટર ઉભરાવવાની સમસ્યા સર્જાઈ રહી છે. આ વિસ્તારની ગટરલાઈન ભરાઈ ગઈ હોવાથી વસાહતીઓના ઘરમાં હવે દુર્ગંધયુક્ત પ્રદૂષિત પાણી બેક મારે છે. જેના કારણે રહીશો પરેશાનીનો ભોગ તો બની જ રહ્યા છે પરંતુ તેમના પરિવારના સ્વાસ્થ્ય માટે પણ ખતરો ઉભો થવા પામ્યો છે તેવુ રજુઆતમાં જણાવાયુ છે. આ સમસ્યાને ઉકેલવા સત્વરે આ વિસ્તારની ગટરલાઈનનુ સફાઈકાર્ય હાથ ધરવામાં આવે તેવી કોર્પોરેટરે માંગ કરી છે.

# વિધાનસભા સંકુલના અધિકારીઓ-કર્મચારીઓ માટે કોરોના વાયરસ અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો





ગાંધીનગર, તા.૨૪
કોરોના વાયરસ મહામારીના સમયમાં હજુ પણ નાગરિકો અવઢવમાં છે કે સંક્રમણથી બચવા કેવી અને કેટલી સાવચેતી રાખવી જોઈએ? કોરોના વાયરસના ચેપ કયાંથી લાગી શકે છે અને કેવી રીતે લાગી શકે છે? કોરોના વાયરસના લક્ષણો અને અસર કેવી હોય છે? પોતાના કામકાજ કરવા સાથે કોરોના વાયરસથી કેવી રીતે બચવું? વગેરે સવાલોના જવાબ વિધાનસભા સંકુલના અધિકારીઓ અને કર્મચારીઓને પણ જાણવાની ઉત્સુકતા હતી જેનું નિરાકરણ તબીબ અધિકારી ડૉ. અનિલ ચૌહાણે વિગતવાર પરું પાડયું હતું.

આજે ગુજરાત વિધાનસભા સંકુલના ઓડિટોરિયમમાં સોશિયલ ડિસ્ટન્સિંગ અને ફરજિયાત માસ્ક સેનેટાઈઝર વગેરે સાથે યોજાયેલા કોરોના જાગૃતિ વિષયક કાર્યક્રમમાં વિધાનસભાના તબીબી અધિકારી ડૉ. અનિલ ચૌહાણે ઉપસ્થિત અધિકારીઓ તથા કર્મચારીઓને વિસ્તૃત માર્ગદર્શન પુરું પાડયું હતં. આ કાર્યક્રમમાં તેમણે પ્રધાનમંત્રી પ્રાયોજિત 'આઈ ગોટ દીક્ષા' સોફટવેર તથા આરોગ્ય સેતુએપ સંબંધિત જાણકારી આપી હતી તથા અધિકારીઓ-કર્મચારીઓને મુંઝવતા પ્રશ્નોનું નિરાકરણ પણ પુરું પાડયું હતું. આ કાર્યક્રમમાં ડૉ. ચૌહાણે વાયરસ શું છે, વાયરસનું પ્રતિરક્ષણ તેમજ તે ના ફલાય તે માટે સાવચેતીના પગલાં અંગે માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમમાં ગુજરાત વિધાનસભાના અધ્યક્ષના અંગત સચિવ નૈમેષભાઈ દવે, સેક્રેટરી ડી.એમ. પટેલ તથા વણકર સાહેબની ઉપસ્થિતિ રહી હતી. કાર્યક્રમના અંતે ઉપસચિવ કરોવા સાહેબે આભારદર્શન વ્યકત કર્યુ હતું.

## ચિરવિદાય

- સ્વ. મંગળદાસ કચરાભાઈ વાળંદ, ઉ.વ. ૬૯, સેકટર-૩૦, ગાંધીનગર
- સ્વ. વણઝારા ચંદુબેન છોગાજી, ઉ.વ. ૪૯, સેકટર-૧૪, છાપરાં
- સ્વ. ખાંટ અર્જુનસિંહ મણાજી, ઉ.વ. ૬૦, બોરીજ, ગાંધીનગર
- સ્વ. સુદામાબેન જગનાથસિંહ, ઉ.વ. ૬૨, સેકટર-૭-બી, ગાંધીનગર